**સચીન, પાંડેસરા વિસ્તારમાંથી મોબાઈલની ચીલઝડપ કરનાર આરોપીઓને, ચીલઝડપ કરેલ મોબાઈલ ફોન નંગ-૧૦ સાથે ઝડપી પાડતી, સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચ.**

સુરત શહેર વિસ્તારમાં મોબાઈલ ફોનના ચીલઝડપના બનાવો અટકાવવા સારૂ તેમજ ચીલઝડપ કરનાર આરોપીઓને ઝડપી પાડવા સારૂ, સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચના અધિકારી/પોલીસ માણસો મોબાઈલ ચીલઝડપની કામગીરીમાં હોય, જે દરમ્યાન પો.સ.ઈ.શ્રી.પી.કે.પટેલ અને તેમની ટીમના માણસો સુરત શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ASI શ્રી.પ્રકાશભાઈ પુજાલાલ તથા HC શિવાજી આનંદરાવ નાઓને મળેલ બાતમી હકિકત પાંડેસરા ભેસ્તાન ત્રણ રસ્તા પાસેથી આરોપી (૧) ફારૂકખાન ફરીદખાન પઠાણ ઉ.વ.૨૫ રહે. ડીંડોલી ભેસ્તાન આવાસ બિલ્ડીંગ નં-સી/૧૩ ૨, રૂમ નં.૪, સુરત મુળ રહે-અમલનેર જી-જલગાંવ (મહારાષ્ટ્ર) તથા (૨) હારૂનાશા રોશનશા ફકીર ઉ.વ.૨૪ રહે.ડીંડોલી ભેસ્તાન આવાસ બિલ્ડીંગ નં.એ/૭૦, રૂમ નં.૫, સુરત શહેર. મુળ રહે-બોરગામ તા. ઔરંગાબાદ (મહારાષ્ટ્ર) નાઓને ગુન્હો કરવામાં ઉપયોગમાં લીધેલ એક વગર નંબરની યામાહા એફ.ઝેડ કિ.રૂ ૬૦,૦૦૦/- તેમજ ચોરી કરેલ અલગ અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ-૧૦ કિ.રૂપિયા ૪૪,૫૦૦/-ના મત્તાની સાથે પકડી પાડી (૧) લીમ્બાયત પો.સ્ટે. । ગુ.ર.નં.૯૩/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯, ૩૫૬, ૧૧૪ મુજબ તથા (૨) સચીન GIDC પો.સ્ટે. । ગુ.ર.નં.૪૨/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ મુજબના વણશોધાયેલ ગુન્હાઓ શોધી કાઢી, પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.